કાંકણોલ સ્વામિનારાયણ મંદિર ખાતે નિરામય ગુજરાત કાર્યક્રમની ઉજવણી

આજના દોડધામભર્યા જીવનમાં આપણી જીવનશૈલી સુદ્રઢ બને અને વ્યક્તિગત સ્વાસ્થ્ય જળવાય તે ખૂબ જ અગત્યનું છે : રાજ્ય બિન અનામત આયોગ, ઉપાધ્યક્ષરશ્મિભાઇ પંડ્યા

બાયડ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના કાંકણોલ સ્વામિનારાયણ મંદિર ખાતે રાજ્ય બિન અનામત આયોગ, ઉપાધ્યક્ષશ્રી રશ્મિભાઇ પંડ્યાની અધ્યક્ષતામાં નિરામય ગુજરાત કાર્યક્રમ યોજાયો.

આ અવસરે તેમણે જણાવ્યું કે, આપણે ત્યાં કહેવત છે કે, 'પ્રથમ સુખ તે જાતે નર્યા' એટલે કે આપણાં વ્યક્તિગત જીવનમાં આરોગ્યને સૌ પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. તેનો અર્થ છે કે, જો શરીર તંદુરસ્ત હશે, તો મન તંદુરસ્ત રહેશે અને આપણી તંદુરસ્તી જળવાઇ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં આ કાર્યક્રમની એક સાથે શરૂઆત કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એક જબરજસ્ત સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમની શરૂઆત કરી છે.

આ કાર્યક્રમ દ્વારા ૩૦ વર્ષથી વધુ ઉમરના રાજ્યના ત્રણ કરોડ લોકોને લાભ મળવાનો છે. તજજ્ઞ ડોક્ટરો દ્વારા બિન ચેપી રોગની સારવાર ઉપલબ્ધ બનવાની છે ત્યારે વધુને વધુ લોકો તેનો લાભ લે તેવી અપીલ પણ તેમણે કરી હતી. આપણે હમણાં જ કોરોનાના કપરા કાળમાંથી પસાર થઈને નીકળ્યા છીએ. કોરોનામાં જે લોકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હતી તેમને ખૂબ તકલીફ પડી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાના પ્રયત્નોને કારણે વધુને વધુ રસીકરણ દેશમાં થઈ રહ્યું છે. જેનાથી કોરોના રોગ સામે આપણને પ્રતિ રક્ષણ મળ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, બિન ચેપી રોગોની આપણને ખબર હોતી નથી. પરંતુ જો નિયમિત ધોરણે તેની તપાસ થાય તો તુરંત જ એની ખબર પડી શકે અને કેન્સર, બી.પી., ડાયાબિટીસ જેવાં ચેપી રોગોથી બચી શકાય છે.નાણાંના અભાવે આપણે લેબોરેટરીમાં તપાસ કરાવતાં નથી, પરંતુ આપણે તો નિયમિત યોગ કરીએ,સ્વચ્છતા જાળવીએ તો રોગ આવે તે પહેલાં જ સાવધ રહીને તેને અટકાવી શકીએ છીએ.

આ અવસરે ટોકન રૂપે ૫ લોકોને નિરામય કાર્ડ આપવામાં આવ્યાં હતાં. પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડના ૫ લોકોને ડિજિટલ હેલ્થ આઈ.ડી. આપવામાં આવ્યાં હતાં. ઉપસ્થિત લોકોને નિરોગી રહેવા માટેના શપથ પણ લેવડાવવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે હિંમતનગર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા,જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી યતિનાબેન મોદી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ડો. રાજેશ પટેલ, મેડિકલ કોલેજના ડિનશ્રી, તજજ્ઞ ડોક્ટરો, જિલ્લા- તાલુકા પંચાયતના સભ્યો, આરોગ્ય વિભાગના કર્મિઓ અને લાભાર્થિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

મોડાસાના ભામાશા હોલ ખાતેથી

શિક્ષણ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં 'નિરામય ગુજરાત' યોજનાનો શુભારંભ

સ્ક્રીનિંગ અને સમયસરની સારવારથી સ્વસ્થ ગુજરાતનું નિર્માણ થશે : શિક્ષણ રાજ્ય મંત્રી કિર્તીસિંહ વાઘેલા : અરવલ્લી જીલ્લાના લાભાર્થીઓને ડીજીટલ હેલ્થ કાર્ડ, PMJAY કાર્ડ તથા નિરામય કાર્ડનું વિતરણ કરાયું

બાયડ તા.૧૨

ભારતીય સંસ્કૃતિમાં વર્ષોથી વણાયેલ એક સુંદર વિચાર "સર્વ ભવન્તુ સુખીનઃ, સર્વ સન્તુ નિરામય" ને સાકાર કરવા માટે રાજ્ય સરકાર " નિરામય ગુજરાત" એક પહેલ તરીકે સ્વીકારીને આજરોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં બનાસકાંઠા જીલ્લાના પાલનપુર ખાતેથી રાજ્યના ૩૦ વર્ષથી વધુ વયના ૩ કરોડથી વધુ નાગરિકોના આરોગ્ય સ્ક્રીનીંગ માટે "નિરામય ગુજરાત" યોજનાનો પ્રારંભ કરાવ્યો.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના ભામાશા હોલ ખાતેથી પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યકક્ષાના મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં "નિરામય ગુજરાત" યોજના મેગા ડ્રાઈવ અભિયાનનો શુભારંભ કરાયો.

જેમાં અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગના ઉપક્રમે "નિરામય ગુજરાત" અંતર્ગત લોકોને બિન ચેપી રોગો માટેની આરોગ્ય તપાસણી અન્વયે લોહીનુ દબાણ, ડાયાબીટીસ, મોંઢા, સ્તન, ગર્ભાશયના મુખનુ કેંસર, કીડનીની બિમારી, મેદસ્વીતા, સ્વસન તંત્રના રોગોની નિઃશુલ્ક તપાસણી અન્વયેનો કેમ્પનું આયોજન હાથ ધરાયું હતું.

કેમ્પ અંતર્ગત લાભાર્થી નોંધણી માટે ૨-પ્રાથમિક તપાસ સ્ટોલ, 2-PMJAY Card સ્ટોલ, ૨-કોવીડ વેક્સીનેશન સ્ટોલ, ૨-લેબોરેટરી તપાસ સ્ટોલ, ૨- દવા વિતરણના સ્ટોલ ઉભા કરી ડાયબીટીસ તથા હાઈપર ટેન્શનના ૨૦૦-લાભાર્થી, હિમોગ્લોબીનના ૬૨ લાભાર્થી, મેલેરિયા ૧૨ લાભાર્થી તથા અન્ય લેબોરેટરી તપાસણી અન્વયે ૪૪ લાભાર્થીની લેબોરેટરી તપાસ તથા અન્ય તમામ લાભાર્થીઓની આરોગ્ય તપાસણી કરી તેમની સુખાકારી માટે સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

તેમજ ૧૦થી વધુ તજજ્ઞ તબીબો

અન્ય તબીબી અધિકારીશ્રીઓ તથા ૧૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓના સહયોગથી ૮૦૦ થી વધુ લાભાર્થી ને જરૂરી સેવાઓ પુરી પડાઈ. તેમજ લાભાર્થીઓને ડીજીટલ હેલ્થ કાર્ડ, નિરામય કાર્ડ તથા ૧૧ લાભાર્થીઓને PMJAY કાર્ડનું વિતરણ મંત્રીશ્રીના વરદ હસ્તે કરાયું.

આ અભિયાન અંતર્ગત પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યકક્ષાના મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાએ પ્રાસંગિક ઉદ્બોધન આપતા જણાવ્યું કે, ગુજરાત સરકાર તથા આરોગ્ય કલ્યાણ વિભાગ દ્વારા નિરામય ગુજરાતનો શુભારંભ થયો છે. આ "નિરામય ગુજરાત" યોજના અંતર્ગત રાજ્યની પ્રજાની આરોગ્યમય સુવિધામાં તથા સુખાકારીમાં વધારો થાય એવા ઉમદા હેતુસર મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર તથા આરોગ્ય મંત્રીશ્રીની ટીમ દ્વારા આ અભિયાન શરુ કરાયું છે.

આપણે હિન્દુસ્તાનની ધન સંપતિ અને પ્રકૃતિથી વાકેફ છીએ તેમજ રાજ્યના લોકોને રોગ ન થાય અને સૌ નિરોગી રહીએ. આપણે આપણી ભારતીય સંસ્કૃતિથી પણ અજાણ નથી. ઈતિહાસમાં જોઈએ તો ઋષિ મુનીઓ, યોગીઓ લાંબા સમય સુધી તપ, સાધના તથા તપસ્યા કરી હજારો વર્ષો સુધી જીવતા તેમજ ઘણા વર્ષો સુધી અન્ન અને જળ વગર રહેતા હતા.

તેમણે જણાવ્યું કે, આ હરીફાઈનો યુગ છે. જેનાથી દૈનિક ક્રિયાઓનો સાતત્ય જળવાતું નથી જેને લઇ મનુષ્યના સ્વાસ્થ્ય જીવન પર માઠી અસર પડી છે. આવી બધી સમસ્યાઓથી લોકો જાગૃત થાય અને સમયસર આહાર ગ્રહણ કરે, યોગ કરે, ડ્રાયફ્રુટ ખાય અને નિરોગી રહે.

તેમણે વધુમાં કહ્યું કે, આ અભિયાન અંતર્ગત રોગનું નિદાન થશે. અભિયાન થકી આરોગ્ય કર્મીઓ દ્વારા હેલ્થ ચેકઅપ કરાય છે. વર્તમાન સમયમાં પેટા આરોગ્ય કેન્દ્ર, જીલ્લા આરોગ્ય કેન્દ્ર, PHC સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. જેનાથી પ્રજાને સારી સુવિધાઓની ઉપલબ્ધી થઇ છે. આ કામગીરીની અંદર થયેલા રિપોર્ટોને આગળ પણ મોકલવામાં આવશે અને દરેક સુવિધાઓ પુરી પાડવામમાં આવશે અને ડાયાબીટીસ,બી.પી જેવી બીમારીઓનું નિવારણ લાવવામાં આવશે. તેમજ આ યોજનાનો વધારેમાં વધારે લોકો લાભ લેવા તથા કાર્યક્રમમાં દર શુક્રવારે ભાગ લેવા અપીલ કરી. આ કાર્યક્રમમાં જીલ્લા કલેકટરનરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારી શ્વેતા તેવટિયા, જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્ર પટેલ, મોડાસા નગર પાલિકા પ્રમુખશ્રી જલ્પા ભાવસાર, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાત, જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી શ્રીમાળી, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાયત્રી પટેલ, મહામંત્રીશ્રી ભીખાજી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તાલુકા હેલ્થ અધિકારી, અન્ય આરોગ્ય અધિકારી/કર્મચારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો ડેન્ગ્યુ-ચિકનગુનીયાના ભરડામાં

બાયડ, તા. ૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજા દીપાવલી ઉત્સવની શાનદાર ઉજવણીની ખુશાલીમાંથી બહાર આવ્યા પછી માંદગીની મહામારીમાં પટકાયા જેવી સ્થિતી છે.

જિલ્લાના ૧૪ તાલુકામાં ૯૦૦ થી વધુ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ તથા ૧૦૦ દર્દીઓ ડેન્ગ્યુ-ચીકનગુનીયાના સંયુક્ત લક્ષણો ધરાવતા હોવાનાં બહાર આવતાં નિષ્ણાત તબીબો પણ ચોક્યા છે. જે રીતે રોગચાળો વધુ વકરી રહ્યો છે તે જોતાં સ્થિતિ આવનારા દિવસોમાં વધુ બેકાબુ બનવાની સ્થિતિ છે.

૧૪ તાલુકામાં ડેન્ગ્યુના ૯૦૦ થી વધુ શંકાસ્પદ કેસ : ૧૦૦ દર્દીઓને ડેન્ગ્યુ-ચીકનગુનીયાના સંયુક્ત લક્ષણો

તહેવારો પછી રોગચાળો વકરે એટલે પ્રજામાં ચિંતાનું મોજુ હાવી થઈ જાય છે. દિપાવલી પર્વ દરમ્યાન કોરોનાની ભયાનકતા સંપૂર્ણપણે ભુલાઈ જેના કારણે ગંભીર સ્થિતિ શું આવશે તે હવે દેખાઈ રહ્યુ છે. સાબરકાંઠા જિલ્લામાં એક સમાહમાં હિંમતનગરની એકજ સોસાયટીમાં કોરોના પોઝીટીવ ૩ કેસ નોંધાતા આરોગ્યતંત્રએ અત્યાર સુધી દાખવેલી તકેદારી પ્રજાની લાપરવાહીથી એળે ગઈ છે. આરોગ્યતંત્રના અધિકારીઓએ કર્મચારીઓએ પોતાના જીવની પરવા કર્યા વગર કોરોના દર્દીઓને સાજા કર્યા તેમાં કેટલાક આરોગ્યકર્મીઓ સંક્રમીત થયા પછી મોતને ભેટતાં પ્રજાની વધુ પડતી લાપરવાહીથી આરોગ્યકર્મીઓનું બલીદાન વ્યર્થ ગયા જેવી સ્થિતિ છે. અને હવે કોરોના પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુ અને ચિકનગુનીયાનો રોગચાળો વકરતાં સ્થિતિ વધુ બેકાબુ બની રહી છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, ભિલોડા, મેઘરજ, બાયડ તાલુકામાં શંકાસ્પદ ડેન્ગ્યુ તથા ચિકનગુનીયાના અધધ કેસથી ખાનગી હોસ્પિટલ-દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

શિયાળો જામ્યો, પ્રજામાં ઠંડીની અસર

જિલ્લાના શહેરી વિસ્તારના રસ્તા ઉપર નોનવેઝ લારીઓના ખડકલાથી પ્રજામાં રોષ

બાયડ, તા. ૧૨

ધીમે ધીમે શિયાળો જામી રહ્યો છે. છેલ્લા બે દિવસથી સમી સાંજ પછી પ્રજામાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. મોડી રાત્રે-પરોઢે ઠેકઠેકાણે તાપણાં જોવા મળે છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં રસ્તા ઉપર નોનવેઝની લારીઓના ખડકલાથી શાકાહારી પ્રજા વેપારીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

જિલ્લામાં માંસ-મચ્છી-દારૂના વેપલામાં શિયાળો શરૂ થતાં ઉછાળો આવ્યો છે. ઠેરઠેર ઈંડા ખીમાની લારીઓ પછી નોનવેઝ પીરસતી લારીઓની કતારો સમી સાંજથી મોડી રાત્રી સુધી ધમધમવા લાગી છે. જિલ્લાના મોડાસા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા, બાયડના રસ્તાઓ પાસેજ નોનવેઝ પીરસતી લારીઓના કારણે સમી સાંજથી તિવ્ર દુર્ગંધ પ્રસરવા લાગે છે જેથી નજીકમાં આવેલ રહેણાંક વિસ્તાર-હોસ્પિટલ તથા દુકાનોના વેપારીઓમાં રોષ વ્યાપ્યો છે. જિલ્લામાં રાત્રે નોનવેઝ પીરસતી લારીઓ આગળ ગ્રાહકનો જામતો ખડકલો જોઈ એમ લાગે છે કે શાકાહારી લોકોની સંખ્યા ઘટી રહી છે. જિલ્લાના શહેરી વિસ્તારમાં સમોસા, ઢોસા, કચોરી, દાળ-બાટી તથા પંજાબી-કાઠીયાવાડી ભોજન પીરસતી રેસ્ટોરન્ટ-હોટલો કરતાં સમી સાંજ ઢળતાં નોનવેઝ પીરસતી લારીઓ પાસે ઉભી રહેતી ભીડ ઘણું બધુ કહી જાય છે. નિત્ય દેવ મંદિરમાં જતા લોકો પણ નોનવેઝની લારીઓ પાસે જોવા મળતાં શાકાહારી પ્રજા અચંબિત થઈ રહી છે.

ગણપત યુનિવર્સિટીનો ૪૦ હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ : એક વિદ્યાર્થી દીઠ પાંચ વૃક્ષોનું લક્ષ્ય

આ વૃક્ષોની માવજત કરનારા નાના-મોટા ૪૦ જેટલા કાર્યકરોના માનમાં ભોજન-સમારંભ યોજી યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈએ આભાર, આદરની લાગણી વ્યક્ત કરી!

ગણપત વિદ્યાનગર, તા.૧૨

ગ્રીન કેમ્પસ માટેના નેશનલ લેવલના 'પ્રિયદર્શીની એવોર્ડ' વિજેતા ગણપત યુનિવર્સિટીના ૪૦ હજારથી

વધુ વૃક્ષોથી આચ્છાદિત હરિયાણા પરિસર ઉપર વધુ એક લીલોછમ્મ ઈતિહાસ સર્જાઈ રહ્યો છે. માત્ર ૪૦૦૦ સ્કેવર-મીટર જમીન ઉપર વિવિધ ૫૦ જેટલી જાતના ૧૨૦૦૦ વૃક્ષો વાવીને એક 'માઈક્રો ફોરેસ્ટ' ઉછેરવાનું કાર્ય ગણપત યુનિવર્સિટીના ૪૦ જેટલાં ગ્રીન - વર્ક્સ દ્વારા સિદ્ધ કરવામાં આવ્યું છે અને તે માત્ર ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦થી આજ સુધીના ટૂંકા ગાળામાં !! ગણપ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે ગઈકાલે 'માઈક્રો-ફોરેસ્ટ'ની મુલાકાત લઈ તેની ઝડપી અને નોંધપાત્ર પ્રગતિની સરાહના કરી હતી; એટલું જ નહીં એમણે 'માઈક્રો-ફોરેસ્ટ'ની માવજતમાં નાનું-મોટું પ્રદાન આપનાર તમામ ૪૦ જેટલાં કાર્યકરોના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો અને સુંદર કામગીરીની પ્રશંસા કરતા કહ્યુંહતું કે આ બહુ મહત્ત્વનું સેવાકાર્ય છે અને મારે આ સૌ મિત્રોને વ્યક્તિગત મળી એમના માટે આદર અને આભાર પ્રગટ કરવો છે, એમના માનમાં આજે ભોજન-સમારંભનુંપણ આયોજન કરવું છે. અને ગઈકાલે બપોરે યોજાયેલા ભોજન સમારંભમાં ગણપતભાઈ પટેલે એ સૌ નાના મોટા કાર્યકરો સાથે ભોજન લીધું હતું. એમના સૌના કાર્યને બિરદાવી, આભાર, આનંદ અને આદરની લાગણી પ્રગટ કરી ફોટા પણ પડાવ્યા હતા. કલાઈમેટ ચેન્જ માટે આજે જયારે આખું વિશ્વ ચિંતા કરી

રહ્યું છે ત્યારે ગણપત યુનિવર્સિટીના હરિયાણા કેમ્પસમાં એક વિદ્યાર્થી દીઠ પાંચ વૃક્ષોનું લક્ષ રાખીને ગણપતભાઈ પટેલની પ્રેરણા સાથે યુનિ.ના ડાયરેકટર જનરલ અને પ્રા. ચાન્સેલર પ્રો.ડો.મહેન્દ્ર શર્મા સાહેબના માર્ગદર્શન સાથે સમગ્ર પરિવાર કાર્યરત છે.

એન.એ.એસ. : જિલ્લાની શાળાઓમાં પાંખી હાજરીથી આચાર્યો-સ્ટાફ મૂંઝાયો

માંડ સરેરાશ ૫૦ થી ૫૫ ટકા હાજરી, દિપાવલી વેકેશન નડ્યું

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૨

જિલ્લાની ૩૮૭ શાળાઓમાં દિવાળી વેકેશનમાં નેશનલ એચીવમેન્ટ સર્વે તા.૧૦ નવેમ્બરથી ૩ દિવસ માટે શરૂ થયો છે. આજે પરીક્ષા યોજાવાની છે પરંતુ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરીથી આચાર્યો-સ્ટાફ મૂંજાયો છે. પ્રથમ દિવસે માંડ સરેરાશ ૫૦ થી ૫૫ ટકા વિદ્યાર્થી હાજરી જોવા મળી. બીજા દિવસે તેમાં ૪ થી ૫ ટકાનો વધારો જોવા મળ્યો.

મળેલી જાણકારી અનુસાર વર્ષ-૨૦૧૭ પછી શાળાઓના શૈક્ષણિક કાર્યની ગુણવત્તા, વિવિધ પ્રવૃત્તિઓ અને તેની પાત્રતા નક્કી કરવા નેશનલ એચીવમેન્ટ સર્વેનું સમગ્ર દેશમાં આયોજન કરવામાં આવ્યું. ગુજરાતની શાળાઓમાં દિવાળીના વેકેશન સમયે ૩ દિવસના સર્વેના આયોજન સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તા.૧૦ નવેમ્બરથી ૩ દિવસનો પસંદ કરાયેલી શાળાઓમાં ધો.૩,૫,૮ અને ૧૦ના વિદ્યાર્થીઓને વેકેશન હોવા છતાં બોલાવામાં આવ્યા પરંતુ પ્રથમ-બીજા દિવસે તમામ વિદ્યાર્થીઓને હાજર રાખવામાં મોટાભાગની શાળાઓ સફળ રહી નથી. પાંખી હાજરી કારણે અનેક શાળાઓનું ગુણાંકન નબળું આવે તેવી દહેશત ઉભી થઈ છે. જ્યારે દિવાળી વેકેશનમાં માદરે વતન ગયેલા શિક્ષકોને પરત આવવાની ફરજ પડતાં તેની નારાજગી પણ સર્વે દરમ્યાન જોવા મળી. ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે શાળાઓની શૈક્ષણિક કાર્યની ગુણવત્તાનું સાચું ચિત્ર બહાર આવશે કે કેમ ? તે અંગે મતમતાંતર પ્રવર્તી રહ્યા છે. આજે યોજાનારી પરીક્ષામાં ૭૦ થી ૮૦ ટકા વિદ્યાર્થીઓ પરીક્ષા આપે તો એન.એ.એસ.નું આયોજન સપૂર્ણ સફળ ગણાશે.